# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર

## નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## ભારત સરકાર/રાજ્ય સરકારની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓનો અમલ Online કરવા બાબત

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર હસ્તકની નીચે મુજબની યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત (https://www.digitalgujarat.gov.in તેમજ https://www.digitalgujarat.gov.in/gssp/) કરવાનો થાય છે. ગુજરાત રાજયના ધો:૧૧-૧૨, ડિપ્લોમાં, આઇ.ટી.આઇ., સ્નાતક, અનુસ્નાતક, એમ.ફીલ, પી.એચ.ડી સુધીના સરકાર માન્ય અભ્યાસક્રમોમાં રાજયની સરકારી અને ગ્રાંટ-ઇન-એઇડ શાળાઓમાં અભ્યાસ કરતા ધો.૧૧, ૧૨ના અને સરકારી ITI / પોલીટેકનીક તેમજ રાજયની સરકારી/ ગ્રાંટ-ઇન-એઇડ/ખાનગી યુનિવર્સિટીઓ/કોલેજો/સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને કે જેણે રાજય સરકારશ્રીની MYSY મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના કે અન્ય કોઇ શિષ્યવૃત્તિ/સહાય યોજનામાં લાભ ન લેવાનો હોય તેવા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ પાસેથી અગાઉના વર્ષની જેમ ચાલુ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫-૨૬માં શિષ્યવૃત્તિ/સહાય માટે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

1. PM -YASASVI Post Matric Scholarship for OBC, EBC and DNT Students
2. BCK-80 Instrumental Assistance for Medical, Engineering, Diploma students (SEBC)
3. BCK-79 Food Bill Assistance for Medical, Engineering Students (SEBC)
4. Food Bill Assistance for Medical, Engineering Students (NTDNT)
5. BCK-98 Fellowship scheme for M.Phil., Ph.D. students (SEBC)
6. BCK-81C Scholarship for students studying Dr. Ambedkar and Indira Gandhi Open University (SEBC)
7. Private Tuition Coaching Assistance to SEBC Students (Std:11-12)
8. BCK -325 Educational Assistance for NTDNT Students Studying in Self-Financed College (NTDNT)

- ઉક્ત યોજનાઓ અંતર્ગત શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬ માટે શાળા/કોલેજ/યુનિવર્સિટી / ITI / સંસ્થા કક્ષાના વિકસતી જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને તા. ૧૭-૦૭-૨૦૨૫ થી તા. ૩૦-૦૯-૨૦૨૫ સુધીમાં શિષ્યવૃત્તિ/સહાય મેળવવા માટે વેબસાઇટ https://www.digitalgujarat.gov.in પર Online અરજીઓ કરવા જણાવવામાં આવે છે.
- વિદ્યાર્થીએ વધુ માહિતી માટે "ડિજિટલ ગુજરાત પોર્ટલ પર વિકસતી જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ માટે ઓનલાઇન અરજી કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ અને યોજનાઓની વિગત" વાંચવાની રહેશે જે ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાશે.
- તેમજ ક્રમ નં.૩,૭ અને ૮ પરની યોજનાઓ અંતર્ગત યોજનાઓના ઠરાવો તેમજ પરીપત્રો ધ્યાને લેવાના રહેશે. વિદ્યાર્થીએ તમામ વિગતો ધ્યાને લઈને શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓમાં Online અરજી કરવાની રહેશે. જો વિદ્યાર્થી દ્વારા શરતચૂકથી બીજી યોજનામાં અરજી કરેલ હશે તો પાછળથી તફાવતની રકમ મળવાપાત્ર થશે નહિ જેની ખાસ નોંધ લેવી.
- કોલેજ/સંસ્થા/યુનિવર્સિટીના માન્ય શૈક્ષણિક સત્ર મુજબ એક શૈક્ષણિક સત્રમાં એક વાર શિષ્યવૃત્તિ મળવાપાત્ર રહેશે.

ડોક્યુમેન્ટ:

➔ સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ વિદ્યાર્થીનો જાતિનો દાખલો

➔ સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ વાલીનો આવકનો દાખલો (જો પિતા હયાત ન હોય તો તેવા કિસ્સામાં પિતાનાં મૃત્યુનું પ્રમાણપત્ર અને જો માતા-પિતાએ છૂટાછેડા લીધા હોય છુટાછેડાનો આદેશ/આધાર રજૂ કર્યેથી માતાનાં આવકનો દાખલો માન્ય રહેશે)(જે વિદ્યાર્થીના પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેવા વિદ્યાર્થીના વાલીના આવકના દાખલાની સાથે આવક અંગેનુ ઇન્કમટેક્ષ માટેનુ ફોર્મ-૧૬ અપલોડ કરવુ)

➔ વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષ વાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર માર્કશીટ

➔ બેંક પાસબુકનું પ્રથમ પાનું જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય તે/ જો પાસબુક ન હોય તો Cancel ચેક જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય તે (જે બેંકો મર્જ થયેલ હોય તેવા કિસ્સામાં નવી બેંકના IFSC તથા નવા બેંક એકાઉન્ટ નંબર વાળી પાસબુક/ચેક)

➔ ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃત્તિનો લાભ મેળવેલ નથી તે મતલબનું એકરારનામું

➔ જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તેઓએ હોસ્ટેલર તરીકેનું સર્ટીફીકેટ (જેનો નમુનો પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે જે ડાઉનલોડ કરી સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા કરાવવાનાં રહેશે)

➔ જો વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર

➔ વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોંચ (વાર્ષિક) (ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીને લાગુ પડશે નહિ)

➔ પાસપોર્ટ સાઇઝનો ફોટો

➔ વિદ્યાર્થીનીના પરિણિત કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર

➔ આધારનંબર, રેશનકાર્ડ નંબર

➔ જરૂર પડ્યે જિલ્લા અધિકારીશ્રી દ્વારા માંગવામાં આવતા અન્ય આનુષાંગિક પુરાવા

નોંધ: ૧. વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવે છે કે ફક્ત ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા (જો કોઇ ડોક્યુમેન્ટ ઓરીજીનલ ઉપલબ્ધ ન થઇ શકે તેમ હોય તો જ નકલ અપલોડ કરવાની છુટ આપવામાં આવશે)

૨. ફોર્મ સંસ્થામાં જમા કરાવતી વખતે જે ડોક્યુમેન્ટ અપલોડ કરેલ હોય તેની સ્વપ્રમાણિત નકલ સહિત સંસ્થામાં ફોર્મ આપવુ.

**SCHOLARSHIP FORM FILLING LAST DATE:**

Filling Post Metric Scholarship Forms on Digital Gujarat Portal for Academic Year 2025-26 is Open for SC/ST Students. (From **15/07/2025 to 31/08/2025).**

Due to remaining students: For Academic Year 2023-24 and 2024-25 Filling Post Metric Scholarship Forms on Digital Gujarat Portal For SC Students remain re-open from **15/07/2025 to 31/07/2025.**

Filling Post Metric Scholarship Forms on Digital Gujarat Portal for Academic Year 2025-26 is Open for OBC Students. (From **17/07/2025 to 30/09/2025).**